## ટ્રેક નં. ૫ : પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિ વિષે

✻ પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિની વાતો પૂ. ગુરુદેવશ્રીના મુખેથી તો ઘણીવાર સાંભળી હશે. આજે સાંભળીએ પૂજ્ય બહેનશ્રીના સ્વમુખેથી.

✻ માંગલિક :

✻ ભક્તિ : ઝૂલે ઝૂલે છે વહાલી બેન, જ્ઞાન ઝૂલે ઝૂલે છે,
એને ઝૂલાવે પરિણતિ આજ, જ્ઞાન ઝૂલે ઝૂલે છે.
એ તો પુરુષાર્થના પારણીયે ઝૂલતી હતી,
એક આતમની લગની એને લાગી હતી.
સમ્યગ્દર્શ કર્યું સાક્ષાત્‌, જ્ઞાન ઝૂલે ઝૂલે છે. એને...

✻ **પ્રશ્ન : આપને નાનપણથી એમ થતું હતું કે મારે કંઈક આત્માનું કરવું છે ?**

● ઉત્તર : નાનપણથી જ થાતું હતું. શું એ કંઈ ખબર નહોતી. પણ એમ કંઈક કરવું છે એમ થતું હતું. ત્યાગ કરવું, બધું છોડી દેવું એમ થતું હતું. શું માર્ગ છે એ કંઈ ખબર ન હતી ? માર્ગ તો ગુરુદેવે બતાવ્યો. ગુરુદેવ પહેલેથી કહેતા હતા અંતરમાં આત્મા છે. મનથી અતીત, વચનથી અતીત, કાયાથી અતીત, બધાથી અતીત અંદરમાં આત્મા બિરાજે છે. અંતરમાં આત્મા કોઈ જુદો છે. એવું પહેલેથી જ થોડું થોડું એમના (ગુરુદેવ) વ્યાખ્યાનમાં આવ્યા કરતું હતું. પહેલેથી આ મનુષ્ય જીવનમાં કાંઈ કરી લેવું છે એવું એવું થતું હતું. અઢાર વર્ષ ગયા, વીસ વર્ષ ગયા. અહા! આટલા વર્ષ જતા શી વાર લાગશે ? જલદી કરી લેવું એવું થતું હતું બધું. એટલા વર્ષ થયા એ તો બહુ લાગતું હતું કે આટલા વર્ષ વયા(ચાલ્યા) ગયા, આટલા વર્ષ વયા (ચાલ્યા) ગયા એમ થતું હતું. અઢારમા વર્ષે એ પોતાને કરવાનું રહે છે એ પોતાને કરવાનું. (એમ થતું હતું)

✻ પ્રશ્ન : ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન આપને સંપ્રદાયમાં ક્યાં થયા ? વઢવાણમાં ?

● ઉત્તર : પહેલા વઢવાણમાં થયા. નારણભાઈએ દીક્ષા લીધી'તીને ત્યારે દીક્ષાના પ્રસંગ ઉપર (ગુરુદેવના દર્શન) થયા હતા. પહેલા વઢવાણમાં, પછી વીંછીયા (વિંછીયા,) હા. (વિંછીયામાં નારણભાઈને ત્યાં?) હા. નારણભાઈને ત્યાં, એને દીક્ષા લીધા પછી એમણે સમાધિ કે કાંઈક લીધું હતું ત્યારે (હાં, સંથારો કરવાના હતા) હા. નારણભાઈની દીક્ષા હતી ને ત્યારે વઢવાણમાં પહેલા હતી ગુરુદેવના દર્શન થયા'તા. ત્યાર પહેલા હિંમતભાઈ બધી વાત કરતા હતા.

✻ પ્રશ્ન : એ વખતે પ્રવચનમાં સમ્યગ્દર્શનની વાત આવતી?

● ઉત્તર : હા. મન, વચન, કાયાની પેલી પાર આત્મા બિરાજે છે. સ્વાનુભૂતિ થાય છે. ત્યારે પંદર વરસની ઉંમર હતી. એ વઢવાણમાં ગુરુદેવના દર્શન થયા ને ત્યારે પહેલી વખત થયું કે આ જુદી એમની વાણી છે ને આ જુદું કહે છે અને આત્માનું સ્વરૂપ બતાવી રહ્યા છે. પણ વાત તો પહેલેથી વજુભાઈ અને હિંમતભાઈ પાસેથી બધી સાંભળી હતી પણ એમના દર્શન નહોતા કર્યા. તેઓ લખતા હતા ગુરુદેવના વ્યાખ્યાનમાંથી. પણ હું કરાંચી રહેતી'તી ને એટલે દર્શન નહોતા થયા. ત્યાર પહેલા તો ૨૭ની સાલમાં ભાવનગરમાં દર્શન થયા.

✻ પ્રશ્ન : તો ત્યાર પહેલા દર્શન કર્યા ને?

● ઉત્તર : હાં. પહેલાં દર્શન કર્યા. વઢવાણમાં ચોમાસું હતું ગુરુદેવનું ત્યારે દર્શન કર્યા'તા. નારણભાઈએ દીક્ષા લીધી ત્યારે દર્શન કર્યા'તા. નારણભાઈનો દીક્ષા ઉત્સવ હતો વઢવાણમાં ત્યારે ગુરુદેવનું ચોમાસું હતું વઢવાણમાં ત્યારે દર્શન કર્યા'તા. ત્યારે હું નાની હતી.

✻ પ્રશ્ન : સ્વાનુભૂતિ પણ નાનપણમાં થઈ છે ને? કેટલી નાની ઉંમર ?

● ઉત્તર : ત્યારે પંદર સોળ વર્ષની હતી ત્યારે અહીં પણ ભાવનગરમાં......

❀ બહેનશ્રી : ભાવનગરનું ગુરુદેવ કહેતા હતા હોં? ધીરજભાઈને એમ થયું કે આ બેન કોઈ જુદી જાતના છે. ...... પ્રવચન લખી નાખ્યું તું. (પ્રવચન લખી નાખ્યું હતું ને આપે?) ગુરુદેવ કહેતા હતા તે 'શબ્દે શબ્દ' ઘરે જઈને લખતી'તી. ગુરુદેવ વોરવા પધારતા હતા (ત્યારે જ ને? ત્યારે જ કીધેલું ને આપે વહોરાવ્યું ને ત્યારે આપને જોઈને જ કહી દીધેલું કે આ બેન કોઈ અદ્‌ભૂત છે. ગુરુદેવે કહી દીધેલું કે આ બેન કોઈ અદ્‌ભૂત છે. ગુરુદેવ કેટલા વિચક્ષણ ? ઓળખી શકે એવા મહાપુરુષ,) શક્તિ કેટલી એની? આપણને તો એ વખતે કાંઈ નહોતું આવડતું. હું તો નાની હતી સાવ ત્યારે. (સોળ વર્ષની ઉમંરે છોડીને આવ્યા હતા ને?) એ જિજ્ઞાસા હતી. ગુરુદેવની વાણીની જિજ્ઞાસા હતી. લખતી'તી ત્યાં. બધું ઘરે જઈને બધું લખતી'તી. હાજી. સાચું શું? એટલું અંદરમાં રહેતું. સાચો માર્ગ ગુરુદેવે બતાવયો. (હાજી) સાચો માર્ગ ગુરુદેવ બતાવે છે. કોઈ નથી બતાવતું એમ થતું. સાચું શું?

✻ પ્રશ્ન : પહેલા તો વજુભાઈ, ગુરુદેવને પહેલો પરિચય તમારો?

● હિંમતભાઈ : પહેલા તો વજુભાઈ જતા વ્યાખ્યાનમાં. હું તો ભણતો. એ પછી વજુભાઈની નોકરી થઈ. (તમે ક્યાં ભણતા?) અમદાવાદ ભણતા. એ ઈન્જિનિયરીંગ પૂરું કર્યું. નોકરી નહોતી થઈ. આખું ચોમાસું ગયું ને નોકરી નહોતી. પછી એમણે તપ કર્યું. પછી એમણે લખ્યું કે અહીં મહારાજ આવ્યા છે ને કંઈક જુદી વાત કરે છે. આપણે તો સમકિત એટલે સામાયિક, સવારે પ્રતિક્રમણ કરીએ એટલે પાંચમું ગુણસ્થાન. આ તો કંઈ જુદું કહે છે ન્યાયથી વિચારતા.

✻ પ્રશ્ન : આપનો પરિચય ગુરુદેવ સાથે ક્યારે થયો?

● (હિંમતભાઈ બોલે છે) : રજા અને દિવાળીનું વેકેશન. ચોમાસું, ત્યાર પહેલા શેષ કાળમાંય પરિચય થયો. મૂળ પહેલા ત્યાંથી શરૂઆત થઈ.

❀ બહેનશ્રી : નારણભાઈની દીક્ષાનો પ્રસંગ હતો ત્યારે દર્શન થયા, પંદર વરસની હતી. નાનપણથી મોટી કરાંચીમાં થઈને (એટલે કરાંચીમાં જ આપ હતા?) ચાર વરસના હતા ત્યારથી. ગુરુદેવ બોલતા, વ્યાખ્યાન જુદું હતું. એટલે તરત જ એમ આશ્ચર્ય લાગતું કે આ કંઈ જુદું જ કહે છે. શ્વેતાંબર સંપ્રદાયમાં. એક અક્ષર બોલે, બાકી બધું ઉપરથી બોલતા હોય એમાં, અર્થ ઉપરથી કરતા. ગુરુદેવ કહેતા તે આખું વ્યાખ્યાન લખી લે ઘરે જઈને અક્ષરે અક્ષર લઈ ભાવ ન મરડાય.

✻ પ્રશ્ન : પછી વાંકાનેર પછી આપ ક્યાં રહેલાં?

● ઉત્તર : વાંકાનેર પછી. હું તો વઢવાણ રહી. પહેલા થોડો ટાઈમ. પછી વાંકાનેર ગઈ. એ પહેલા વજુભાઈને ભાવનગર નોકરી હતી, એ પહેલા અમદાવાદ પછી વાંકાનેર, પછી ભાવનગર નોકરી હતી ને એટલે હું ત્યાં ગઈ હતી. હા, ભાઈને ત્યાં હતી એટલે વાંકાનેર. પહેલા ભાવનગર પછી વાંકાનેર તમારે નોકરી ત્યાં હતી.

✻ પ્રશ્ન : આ વ્યક્તિ જુદી છે. ખ્યાલ આવી ગયો ગુરુદેવને?

● ઉત્તર : (હિંમતભાઈ) ચર્ચા મારી સાથે કરતા મને એમ થાય કે જ્યાં જન્મ્યા એ સાચું ન હોય. પછી વિચાર કરીને એમ જ થતું કે આ ગુરુદેવ કહે છે એ જ સાચું છે. (બરાબર) તમે ગમે એમ કહો પણ આ જ સાચું છે. તમે ગમે તેમ કહો, સાચું, સાચું કહો પણ આ જ સાચું છે. વિચાર કરીને એમ વિચાર જ આવતો. ગુરુદેવ કહેતા એવી અપૂર્વ રીતે કે 'આ જ સાચું છે'. નક્કી વિચારથી થતું પણ નકકી એમ થાતું કે 'સાચું આ જ છે.'

✻ પ્રશ્ન : શું આપ તર્કમાં બહુ ઉતરતા નહીં?

● ઉત્તર : સાચી વાત છે. સાકરનો સ્વભાવ ને કાળીજીરી બે જુદા. આત્માનો સ્વભાવ જુદો ને વિભાવ જુદો. એમાં છે. એમ જ ભેદજ્ઞાન થાય. એવા એમ જ વિચારો આવી જતા હતા. ગુરુદેવ કહેને કે આત્મા જુદો ને વિકલ્પ જુદા. એનાથી આત્મા જુદો. બે સ્વભાવ જુદા માટે આ જુદું છે. (એમ નક્કી થતું).

✻ પ્રશ્ન : સીધું એમ આવવાનું કારણ? પૂર્વનું કારણ?

● ઉત્તર : વિચારો તો ઘણા આવતા હતા. એમાંથી એમ નક્કી થઈ ગયું કે પૂર્વનું કારણ.

❀ બહેનશ્રી : બહુ ભાવના હોય એમાંથી હું કહેતી હતી. બહુ ખબર ન પડે પણ અદ્ધરથી હું મારા ભાવમાંથી કહેતી'તી.

● હિંમતભાઈ : સમકિત ક્યાં રેઢું પડ્યું છે? હવે ચંપા કેટલું દૂર? સમકિત હવે આટલું દૂર છે. સમકિત કેટલું દૂર છે? મેં કીધું એટલું ને એટલું કહેશે. આ તો અર્ધુ થઈ ગયું. એ તો અંદરનું કામ છે. એમ કહેતા કહેતા લઈ લીધું.

❀ બહેનશ્રી : અંદરથી એમ લાગે ને કે આ શરીર જુદું, આત્મા જુદો—એવા એવા ભાવ અંદરથી આવ્યા કરે, એમાંથી એમ લાગે પણ કાંઈ નક્કી ન થાય. એવો મારો ભાવ જ એમ કહે છે.

✻ પ્રશ્ન : ભાવનાની સાક્ષીએ થોડું થાય?

● ઉત્તર : અંદરથી એવી જાતની હૂંફ આવી જતી હતી.

✻ હિંમતભાઈ : અંદરનું જોર બતાવે કે આટલું દૂર છે. આટલું દૂર છે.

❀ બહેનશ્રી : ગુરુદેવનો પ્રતાપ છે. એમણે કીધું તો માર્ગ મળ્યો. નહીંતર માર્ગ ક્યાં મળે? ગુરુદેવની કહેવાની શૈલી અને એમના એવા ભાવથી પોતે જ કોઈ અપૂર્વ તીર્થંકરનું દ્રવ્ય એટલે એ કંઈ જુદું જ કહેતા હતા. તેમનો જન્મ બધાને તારવા માટે થયો છે. એક જ ધૂન હતી.

❀ બહેનશ્રી : રસોડામાં ગયા બેઠા હોય ને સામસામે જમવાનું હોય ત્યારે હું જોતી કે આમ ધ્યાનમાં બેઠા હોય.

✻ નિમિત્ત પૂર્વના સંસ્કારનું હોય ને?

❀ બહેનશ્રી : ગુરુદેવની વાણી કહેવાય. પૂર્વના સંસ્કાર તો હતા જ પણ વર્તમાન ગુરુદેવની વાણી (નિમિત્ત) કહેવાય. અંદર પુરુષાર્થ ઉપડવામાં ગુરુદેવની વાણી. માર્ગ કાંઈ જુદો જ કહેતા હતા ને! માર્ગ કાંઈ અપૂર્વ છે એમ કહેતા હતા. ગુરુદેવની વાણી (નિમિત્ત)

✻ પ્રશ્ન : પૂર્વના સંસ્કાર હતા ને અનુસંધાનમાં ?

● ઉત્તર : અનુસંધાન નહીં. પણ પૂર્વના સંસ્કાર હતા પણ વર્તમાન વાણી મળી ત્યારે માર્ગની ખબર પડી. નહીંતર માર્ગને કોણ જાણતું હતું? ધર્મની રુચિ પણ ક્રિયામાં, એ વખતે તો બધું ક્રિયામાં હતું. કે બહારથી સામાન્ય પ્રતિક્રમણ કરી લે, બધું ભણી લે, શાસ્ત્રનો અભ્યાસ કરીએ એટલે બધું આવી જાય. ત્યાં તો ક્રિયામાં હતું બધું. ગુરુદેવે કહ્યું અંતરદૃષ્ટિને, અંતર અનુભૂતિ થાય છે એને મન, વચન, કાયાથી આત્મા પેલે પાર છે. ગુરુદેવે માર્ગ સ્પષ્ટ કરીને બહાર મૂક્યું. વાણી જ જુદી હતી ને નિમિત્ત પ્રબળ હતું. વાણી એમની નિમિત્ત બની સાચું સમજવામાં ને સાચું શોધખોળ કરવામાં.

✻ પ્રશ્ન : ઉપાદાન તો પોતાનું હતું ને ?

● ઉત્તર : ઉપાદાન પોતાનું હતું, ગુરુદેવ નિમિત્ત હતા.

એ ચોમાસામાં. ત્યારે એ ચોમાસું હતું ને ગુરુદેવનું એટલે આવતા હતા. મોટાભાઈ લઈને આવતા હતા. હા ઈ ત્યાં ધર્મનું ગ્રહણ કરતા હતા. પુસ્તક વાંચવાનું રહેતું. ધર્મના પુસ્તક વાંચવાનું ને એવું બધું હતું.

✻ પ્રશ્ન : ગુરુદેવ મળ્યા પછી ખ્યાલ આવ્યો કે ?

● ઉત્તર : મૂળ વસ્તુનો પછી ખ્યાલ આવ્યો. આવે છે ને બધું. 'બહુ પુણ્ય કરે પુંજથી', કોઈકમાં ગાયનો ય છાપેલા હોય.

✻ પ્રશ્ન : ગુરુદેવ પહેલેથી જ વાત કરતા અંદરની આત્માની?

● ઉત્તર : ગુરુદેવ પહેલેથી જ વાત કરતા આત્માની. સંપ્રદાયમાં હોવા છતાં શ્વેતામ્બર શાસ્ત્ર હાથમાં હોય તોય આત્માની વાત કરતા. ક્યાં મને કાંઈ ખબર હતી આટલા દિવસોમાં આવો કંઈ પુરુષાર્થ ઉપડી જશે? હું તો એમને એમ પુરુષાર્થ કર્યા કરતી'તી. આ રહ્યો હું, આ હું છું. વિકલ્પની સંગતી મારી નહીં, ચૈતન્ય તો ગ્રહણ થાય છે પણ વિકલ્પ છૂટતા નથી, એકત્વ બુદ્ધિ છૂટતી નથી. 'આ હું નથી' એમ મને ખબર હતી મારું હૃદય કહેતું હતું. અંદર હૃદય ભણકાર (વિકલ્પ) મારતું'તું. ............ પોતાની ભાવનાથી ઉગ્ર થાય. મારું હૃદય પોકાર કરતું હતું. સૂતા, જાગતા, ક્યાં છે ચેતનનું, અંદરથી કાંઈ શાંતિ નહોતી.

✻ હિંમતભાઈ : તું મને પૂછતો હતો ને કે કઈ રીતે ફૈબાએ સ્વાનુભૂતિ કરી? કંઈક આવી રીતે. એમને તો ખૂબ વૈરાગ્ય હતો. કઈ રીતે આ સંસારથી છૂટવું તેની જ ભાવના રહ્યા કરતી'તી. સતીના ચારિત્રો વાંચે, સામાયિક, પ્રતિક્રમણ એ બધું કરે એ રીતે કરાંચી હતા ત્યારે. વઢવાણ આવ્યા ત્યારે ગુરુદેવની મેં વાત કરી, તો તરત જ એમને બેસી જાય. હું તો કહેતો હતો કે રામકૃષ્ણ પરમહંસ, ગાંધીજી બધાનું વિચારવું જોઈએ. જૈનો, મહાવીર બધું વિચારવું જોઈએ. એમાંથી સમાલોચના કરીને સાચું આ છે એમ કાઢવું જોઈએ. એ પણ બીજું હું કહું. તો કહે 'જૈન ધર્મના તત્ત્વ સ્વતંત્ર છે. શરીરથી સ્વતંત્ર, રાગદ્વેષ પણ સ્વભાવ નહીં. સાકર ઉપર કરિયાતું હોય એવો એ ક્રોધ, માન, માયા, લોભ કે શુભભાવ એ બધા કરિયાતા જેવા સાકરમાં પેઠા નથી'. એમ કરતા આત્માનું કરી લેવું છે એમ પુરુષાર્થ કરે અને વૈરાગ્યના ગીતો એ ગાય.

કંચન વરણો નાહ રે મુને કોઈ મિલાવો (૨)
આનંદઘન વહાલો બાંહરી ઝીલે,
નિશદિન ધરૂં રે ઉરમાં રે, મને કોઈ મિલાવો. કંચન વરણો....

એમ હાલતા ચાલતા ને એવું એક ગીત આનંદઘનનું ગાતા.

અબધુ ક્યાં માગું ગુણ હીના, જ્ઞાન ન જાણું, ધ્યાન ન જાણું (૨)
આનંદધન પ્રભુ તે ઘન મારે રટણ કરું ગુણધામા.

આનંદધનના ગાન દ્વારા એ રટણ એ ટહેલ મારતા વચનામૃતમાં આવ્યું છે ને. આ રીતે હું ટહેલ મારું ને ઉઘડે? રહે આનંદધન દ્વાર તો તેમાં ઘૂસી જાઉં. બીજું કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા, નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.' એવી ભાવના ભાવતા. ઘણે ઠેકાણે જ્યાં ગુરુદેવનું ચોમાસું હોય ત્યાં જાય. આપણે કાઢી નાખીએ સાંભળીને. એમ નહીં. ઈ રટણ કરે. જામનગર અમે ગયા છેલ્લા ત્યારે તો પોરબંદર ઘણે ઠેકાણે ગયા. જામનગર ગયા ત્યારે તો કહે હવે મારે સમકિત લેવું જ છે. ત્યાર પહેલા એમ કહેતા મારે 'સમકિત લેવું જ છે.' હું કહું કેટલું? આટલું છેટું છે. હાથ બતાવે. હું કહું સમકિતમાં તો આનંદસાગર ઉછળે. હવે આને કંઈ કહેવાતું હશે? બીજી વાર વેકેશનમાં આવ્યો ત્યારે પૂછ્યું 'હવે કેટલું ચંપા છેટું રહ્યું?' મેં કીધું. એ કહેશે 'હજી આટલું ને આટલું.' એ કહે કે 'ના આટલું'. ને જામનગરથી આવીને કે 'હવે તો લેવું જ છે.' ચાર મહિને જામનગરથી કાગળ આવ્યો. જામનગર ગયા પછી ચાર મહિને સુરત બાપાએ કાગળ લખેલો એમાં પાછળ બેને લખ્યું 'સંસાર તો દુઃખમય છે. એમાંથી આત્માને તારી લેવો જરૂરનો છે. મેં તો જાણ્યું છે કે જૈનદર્શન જ સત્ય છે. તમે પણ વૈરાગ્ય વધારી, પ્રમાદ છોડી પુરુષાર્થ કરશો તો એમ જ જણાશે. પ્રમાદ કર્તવ્ય નથી.' મેં તો જાણ્યું છે કે જૈનદર્શન જ સત્ય છે. જૈનદર્શન તો આપણે બધા માનીએ છીએ એમ ન માનતા જૈનદર્શન સત્ય છે એ આત્મઅનુભવી જ વાસ્તવિક કહી શકે. એટલે એમાંથી મને એમ થયું કે આને શું સમકિત થયું છે? મેં લખ્યું 'ચંપા તને શું સમકિત થયું છે? કારણ કે એ વિના કોઈ કહી શકે નહીં કે જૈનદર્શન જ સત્ય છે.' કાગળ આવ્યો કે 'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે.'

ત્યારે પછી હું તો દિંગ જ થઈ ગયો. મેં લખ્યું કે આ કાળમાં સત્સંગ પરમ દુર્લભ છે એમ શ્રીમદ્‌ે કહ્યું. તો સત્સંગ મારે શોધવા ક્યાં જવાનું? મારા ઘરમાં જ છે. મારી કચાશ છે. મારા દોષ શું છે? એ જાણી મને સાચા માર્ગે દોરજે. 'નિશાની કહાં બતાવું રે, તેરો અગમ્ય અગોચર રૂપ' એમ આનંદઘને કહ્યું. એના કરતા હું વધારે આશા રાખું છું, પછી વઢવાણ આવ્યા ને પૂછ્યું તો 'શરીર તો કોથળા જેવું લાગે છે. આનંદના સાગર અંદર ઉછળે સ્વાનુભૂતિ તો કંઈ ઓર ચીજ છે. આનંદના સાગર ઉછળે' એમ કહીએ ત્યારે બાપા કહે બેનને તો આનંદના સાગર ઉછળે છે. બાપા કહે 'ઓહોહોહો બેન તો અદ્‌ભૂત છે'. એ રીતે ત્યારપછી તો જાતિસ્મરણ, પછી ગુરુદેવનું તીર્થંકરત્વ એ બધી રિદ્ધિઓ પ્રગટી જ ગઈ. 'દૂર કાં પ્રભુ દોડ તું' ગાતા.

હા, દૂર ક્યાં પ્રભુ દોડ તું, મારે રમત રમવી નથી.<br>
આ નયન બંધન છોડ તું, મારે રમત રમવી નથી.<br>
હોયે રમત ઘડી બે ઘડી, નહીં માસ કે નહીં વર્ષ વરસની<br>
આ તો યુગાંતર વહી ગયા, મારે રમત રમવી નથી.

આવી તાલાવેલી અને સત્યનું શોધનની શક્તિ બધાનો મેળ થયો. તો આત્મદર્શન પ્રગટ થયું.

* પ્રશ્ન : એમને કેવા વિચારો રહેતા ? શેનું ચિંતવન ઘોલન રહેતું હતું ? એ વખતે વાંચન આદિ શેનું ? ભાવના કેવા પ્રકારની રહેતી હતી? (એ કહેશો) જેથી અમારી સાધનામાં પુષ્ટિ થાય ?

● ઉત્તર : આત્માનું ધ્યેય રહેવું જોઈએ. આત્માની પ્રાપ્તિ કેમ થાય? આત્મામાંથી સુખ કેમ પ્રગટ થાય? એ રહેવું જોઈએ અંતરમાં. એમાં દિગંબરના શાસ્ત્રો એટલા બહાર પડેલા છે કે વાંચન વિચારો એમ આ તત્ત્વ શું છે? વસ્તુ શું છે? આત્મા શું છે? આ વિભાવમાં સુખ નથી. આત્માને લગતા વિચારો જોઈએ. ગુરુદેવ વ્યાખ્યાનમાં કોઈ અપૂર્વ વાત કહેતા હતા કે 'આ આત્મા જુદો છે,

શરીર જુદું છે, આ વિકલ્પ જુદા. એની અંદર આત્મા બિરાજે છે. એમાં અંદર નિર્વિકલ્પ આનંદ પ્રગટે છે.' એવી વાતો ગુરુદેવ અનેક પ્રકારની કરતા હતા. પુરુષાર્થ કર તો થાય. કર્મ કાંઈ રોકતું નથી. પોતાના ઉપાદાનથી જ થાય છે. એવી અનેક પ્રકારની વ્યાખ્યાનમાં વાત આવતી. એના ઉપરથી વિચાર આવતા. 'હું કોણ છું? મારૂં શું સ્વરૂપ છે?' એ જાતના અનેક જાતના વિચારો આવતા. એક જ જાતના આવે એમ નહીં. વસ્તુનું શું સ્વરૂપ છે? તત્ત્વ શું છે? આત્મા શાશ્વત કેવી રીતે છે? એમાં પર્યાયમાં અનેકતા કેવી રીતે છે? એવા અનેક પ્રકારના વિચારો આવે. જેને જે પ્રકારની અંતરમાં શંકા હોય ને એ જાતના વિચારો આવે. મૂળ તો આત્માની પ્રાપ્તિ કેમ થાય? આત્મામાંથી સુખ કેમ થાય? એ જાતનું ધ્યેય હોવું જોઈએ.પછી કોઈને કઈ જાતના વિચાર આવે? એ પોતાની અંતરની યોગ્યતા ઉપર આધાર રાખે છે. મૂળ તત્ત્વને લગતા વિચારો હોવા જોઈએ. આત્મા વસ્તુ શું છે? એની પર્યાય શું છે? એના ગુણો શું છે? આ વિભાવ છે. આ વિભાવમાં સુખ નથી. વિભાવમાં આકુળતા છે. આ સ્વભાવમાં સુખ છે. એવી જાતના એને લગતા વિચારો આવવા જોઈએ. એ જાતનું ઘોલન, એ જાતનું મનન, એ જાતની પ્રતીતિની દ્રઢતા કરવાનો પ્રયાસ એ બધું. એની લગની ક્ષણે ક્ષણે એના વિચારો, ક્ષણે ક્ષણે એનું ધ્યાન, વિચાર બધા ક્યાંય સુધી એની ને એની એકાગ્રતા આવ્યા કરે. એના ને એના વિચારો ચાલ્યા કરે, બે ત્રણ કલાક સુધી ચાલ્યા કરે. આખો દિવસ ને રાત એનું એ ચાલ્યા કરે.

✻ પ્રશ્ન : તમે વઢવાણ ગયા'તા. મામા (હિંમતભાઈએ)એ બધી વાત કરી'તી. આપની બધી ચર્ચાઓ થઈ હતી. મામા સાથેની ચર્ચાઓમાં મુખ્ય વિષય શું? તે અમને કહો તો અમને રસ્તો મળે.

● ઉત્તર : અત્યારે તો તમને ગુરુદેવ પાસેથી કેટલું મળ્યું છે? તમને તો પ્રયત્ન જ કરવાનો રહ્યો છે કે ભેદજ્ઞાનનું શું સ્વરૂપ? આ

બે તત્ત્વ જુદા? પર્યાય શું? ઉત્પાદ વ્યય ધ્રુવ શું? બધું જ ગુરુદેવે એવું સ્પષ્ટ કરી દીધું છે કે આત્મા નિત્ય કેવી રીતે? પર્યાયમાં અનિત્યતા છે. ગુણના ભેદ ઉપર દૃષ્ટિ ન કરવી. પર્યાયના ભેદ ઉપર દૃષ્ટિ ન કરવી. અખંડ ઉપર દૃષ્ટિ કરવી. બધું જ્ઞાન કરવું. અત્યારે તો ઘણું મળ્યું છે. તે દિ (એમના સમયે) તો આ વાત કંઈ હતી નહીં. ત્યારે તો શું સાચું? એ વિચારો હતા. વસ્તુ તત્ત્વ શું સાચું છે? અનેક જાતના મતભેદો જગતમાં છે એમાં યથાર્થ શું છે? એવી જાતની ચર્ચા ચાલતી'તી એમાં હિંમતભાઈને તો ઘણી જાતના વિચારો આવતા. એમને એટલા વિચારો ચાલતા હતા. મારેય ચાલતા'તા. એટલા વિચારોની ગડમથલ ચાલ્યા કરતી'તી કે શું સાચું? અનેક જાતના મતો જગતમાં છે એમાં યથાર્થ શું છે? ઈ જાતની ચર્ચા ચાલતી હતી. એમાંથી નક્કી (કર્યું), ગુરુદેવ શું કહે છે? એ રીતના વિચારો ચાલતા પણ યથાર્થ શું? તત્ત્વ શું છે? એ જાતના વિચારો કરતા. હિંમતભાઈ એટલા વિચારો કરતા અને અહીં મને એટલા વિચારો ચાલતા અને આ ગુરુદેવે વ્યાખ્યાનમાં એટલું સ્પષ્ટ કરી દીધું, કોઈને કંઈ શંકા જેવું રહ્યું નહીં. અંદર ભેદજ્ઞાન કરવું. બધું તૈયાર કરીને માલ આપ્યો છે ગુરુદેવે. અંદર પોતાને પરિણતિ કરવાની બાકી રહે છે. પહેલા તો અનેક જાતના વિચારો હતા. શાસ્ત્રમાં શું આવે? શાસ્ત્ર એટલા વાંચ્યા ન હતા. તત્ત્વ શું? સાચું છે? એ નક્કી કરવાનું હતું. હજી તો શુભમાં ધર્મ નથી, શુભ આકુળતા કેવી રીતે છે? ઊંચામાં ઊંચો શુભભાવ પણ એ પુણ્યબંધ આકુળતા કેવી રીતે છે? એ પણ નક્કી કરવાનું હતું પહેલા. બહાર ક્રિયામાં ધર્મ નથી, શુભભાવમાં ધર્મ નથી. દેવલોક મળે એ આકુળતા છે. એ બધું કેવી રીતે છે? એ બધું નક્કી કરવાનું હતું. હજી તો સ્થૂળ નક્કી કરવાનું હતું અને સૂક્ષ્મમાં અંદર આગળ જવાનું હતું. એમાંથી 'હું જ્ઞાયક છું. આ વિભાવ પણ મારો સ્વભાવ નથી' એટલે સુધી અંદર પહોંચવાનું હતું વિચાર કરી કરીને. ગુરુદેવ કહે 'શુભભાવમાં ધર્મ નથી. અનંત વાર દેવલોક

મળ્યો તો ત્યાંથી પાછો આવ્યો.' ગુરુદેવ કહેતા હતા 'ચામડા ઉતરડીને ખાર છાંટે એવી ક્રિયાઓ કરી તો પણ એને ધર્મ થયો નથી. એને સ્વભાવ પ્રગટ્યો નથી.' આ બધું કેવી રીતે છે? એ બધાનું હજી નક્કી કરવાનું હતું. આવી બધી ચર્ચાઓ હજી આવતી'તી અને એમાંથી નક્કી કરીને, આ ભેદજ્ઞાન સ્વભાવ, 'ચૈતન્યનો જ્ઞાયક સ્વભાવ તે હું, અને વિભાવ તે હું નથી' એમાંથી દૃઢતા કરીને એ રસ્તે દૃઢતા કરીને, આગળ એની દૃઢતા, એનું જ ધ્યાન બે ત્રણ કલાક એ જ ચાલ્યા કરતું તું. આખો દિવસ અને રાત એજ ચાલ્યા કરતું'તું. 'જ્ઞાયક આ હું ને વિભાવ હું નથી' એ અંતરમાંથી એજ ચાલ્યા કરતું હતું. હજી તો ક્યું દર્શન સાચું? શ્વેતાંબર, દિગંબર ક્યું સાચું? એય કાંઈ પૂરું બહાર આવ્યું નહોતું. તેમાંથી મૂળ તત્ત્વ ગ્રહણ કરવાનું હતું. કોઈકને પૂછવા જાય. સાગરાનંદને પૂછવા જાય, ને (બીજાને) પૂછવા જાય. દેરાવાસી સાધુને પૂછતા કાંઈ કાંઈ કોઈને ને કોઈકને પૂછતા. મૂળ તો અંદરથી બધું પ્રશ્ન ચર્ચા કર્યા કરતા. અંદરથી.

* પ્રશ્ન : રતનબેનને પૂછવા જતા?

● ઉત્તર : હા રતનબેનને પૂછવા જતા. કાંઈ આવું હોય, કોઈક આવ્યું હોય, કોઈક ધ્યાન કરે છે ને કોઈક બીજું એ આત્મામાં. એ જોવા જાતા હતા. પહેલા બધું નવું લાગતું.

● હિંમતભાઈ :—એવા દૃઢ હતા. સોનગઢ જ રહેવું છે. ધ્યાતા ક્ષણમાં તત્ત્વની ભાષામાં કહે કે 'મને આ દૃઢ થઈ ગયું છે.' મને વિચાર આવતો હતો પણ કહે કે મહારાજ જોડે જ જવું છે.

* પ્રશ્ન : (તમને નક્કી કેવી રીતે થયું?) (પ્રશ્ન સમજાતો નથી)

● ઉત્તર : ચર્ચા ચાલતી હતી તે એમાંથી નક્કી કરતા હતા કે સાચું શું છે? પણ ગુરુદેવ કંઈક અપૂર્વ કહે છે એમ મનેય લાગતું અને હિંમતભાઈને ય લાગતું કે આ વાત અપૂર્વ છે. આ રસ્તે નક્કી થાય એવું છે. સમ્યગ્દર્શન કોઈ જુદી વસ્તુ આ ગુરુદેવે બતાવી. આ

બધા શાસ્ત્રોમાં શ્વેતામ્બરના શાસ્ત્રો હોય ને! ત્યારે તો હોય ને! આ નવ તત્ત્વ જાણી લીધા એટલે શ્રદ્ધા તો આ બધું ખોટું. ગુરુદેવ તો કંઈક અંતરની શ્રદ્ધા કહે છે. પછી નક્કી કરીને પછી કાંઈક ચર્ચા કરીને એ નક્કી થઈ ગયું કે આ જ્ઞાયક સ્વભાવ જ. સુખ અંદરથી પ્રગટ કરવા. 'આ જાણનાર તે હું અને વિભાવ તે હું નથી.' ગુરુદેવ કહે ઉંચામાં ઉંચા શુભભાવ તે પણ પુણ્ય બંધનું કારણ છે. તેનાથી દેવલોક થાય પણ એ આત્માનો સ્વભાવ નથી. એ વખતે કોઈ કહે કે ભગવાનને દયા ન હોય. એમ થાય કે આ શું કહે છે? એ બધું આશ્ચર્ય લાગતું. દયા એ શુભભાવ છે. દયા એ શુભભાવ કેવી રીતે હશે? સાવ શરૂઆત હતી ને? એટલે એવું લાગતું.

*** પ્રશ્ન : આપને જ્યારે અનુભૂતિ થઈ ત્યારે લખતા કે 'હવે આટલું બાકી છે, આટલું બાકી છે, આટલું બાકી છે,' એ ક્યા આધારે? જ્ઞાયકના આધારે કહેતા હતા?**

● ઉત્તર : અંદરથી જ એમ લાગતું હતું. એમ અપ્રગટ કાંઈ આ જ્ઞાન કોઈ જુદું, વિભાવથી અંદર કોઈ જુદો આત્મા છે 'એ જુદો આત્મા છે' એવું અંદરથી એવું આવતું હતું. 'એ જુદો છે, જુદો છે' એવું વધારે લાગતું જાયને! એટલે 'આટલું, આટલું' એમ કહેતી હતી એ કાંઈ ખબર ન હોય કે આટલા ટાઈમમાં થઈ જાશે, એમ એટલું બળ અંદરથી આવતું હતું કે 'આ જુદો છે,' માટે જુદો જ પડી જાય એમ.

* ભક્તિ :　એના જ્ઞાન દર્પણમાં જ્ઞાયક ઝલકે,
　　　એના અંતરમાં આનંદના સાગર ઉછળે,
બેનને ખુલી ગયા મોક્ષના દ્વાર, જ્ઞાન ઝૂલે ઝૂલે છે. (૨)
ઝૂલે ઝૂલે છે વહાલી બેન જ્ઞાન ઝૂલે ઝૂલે છે.

*** પ્રશ્ન : અનંતવાર નવમી ગ્રૈવેયક જનાર દ્રવ્યલિંગી મુનિ અને અગિયાર અંગના શાસ્ત્રપાઠી તે જે સાત તત્ત્વ હાથ ન કરી શક્યા તે આપે અતિ બાળ વયે જ, વિના બાહ્ય સહે કષ્ટ, અતિ સુલભપણે**

જ અને ઝપાટાથી હાથ કરી લીધું અને સ્વાનુભવથી જૈન દર્શનની યથાર્થતા નક્કી કરીને અમૂલ્ય ચૈતન્ય ચિંતામણી સાધી લીધો. આ ક્ષેત્રે વર્તમાન કાળે જે અનંતાનંત જીવ રાશી છે તેમાં આપ એક જ પૂજ્ય ગુરુદેવ પ્રતાપે આ ગૂઢતાને ઉકેલી શક્યા છો. આવા એક મહા પુરુષ આપ અમારી સામે હાજરાહજૂર આજ પ્રત્યક્ષ બિરાજો છો. તો આપ કઈ વિધિએ અને કેવી રીતે રહસ્ય ઉકેલ્યું? અને કઈ વિદ્યાથી આ રહસ્ય ઉકેલ્યું? અને આ ચિંતામણી હાથ પડતા આપની ઉર્મિઓ કેવી હતી તે વિદ્યા શીખવાની અને ઉર્મિઓ જાણવાનો મોકો અમે ચૂકી જઈએ તો અમારા જેવા મૂર્ખ કોણ હોય? અમારી નમ્ર ભાવે વિનંતી છે કે આપ આ રહસ્યમય વાતની વાર્તા અમોને કહો.

● ઉત્તર : પ્રયત્ન કર્યો નહીં ને જીવે! અનંતકાળમાં જીવે નવ પૂર્વ અને અગિયાર અંગ ને બધું ભણી ગયો પણ ચૈતન્ય તત્ત્વ છે. સ્વભાવ ઓળખવા જીવે પ્રયત્ન કર્યો નથી. એવું અનંતવાર ઘણીવાર કર્યું પણ આ તો ગુરુદેવનો પ્રતાપ કે ગુરુદેવે આ માર્ગ પ્રકાશ્યો છે કે કંઈક તત્ત્વ જુદું છે, અંદર સ્વાનુભૂતિ થાય છે એ અનુભૂતિમાં મુક્તિનો માર્ગ પ્રગટ થાય છે. એ ગુરુદેવે માર્ગ પ્રકાશ્યો બહાર. અને એ બધું કાને પડતા એમ અંતરમાં થઈ ગયું કે આ જ કરવા જેવું છે. આ મનુષ્યભવની અંદર જો આ એક મુખ્ય તત્ત્વ જે સ્વાનુભૂતિ પ્રાપ્ત ન થઈ તો અનંતકાળમાં જે જન્મમરણ કર્યા છે અને એ બધું કર્યું તો આ મનુષ્યભવ મળ્યો તે નકામો છે. એવી અંદર ભાવના એવી ભાવના અંદરથી થઈ ગઈ કે આ જ કરવા જેવું છે, બીજું કંઈ કરવા જેવું નથી. એક અંતરમાં સ્વાનુભૂતિ પ્રગટ કરવા જેવું છે. નહીંતર હિંમતભાઈ તો ઘણીવાર કહેતા કે અનેક પ્રકારના માર્ગ છે તો આ સાચું કઈ રીતે? પણ પોતે અંતરથી પુરુષાર્થ વડે નક્કી થઈ શકે કે આ સાચું છે. પછી એનો પ્રયત્ન, પાછો એનો એ પુરુષાર્થ, એનું એ મંથન, વારંવાર એની એ લગની લાગી કે આ જ પ્રગટ કરવા જેવું છે. વારંવાર એનું ચિંતવન, એનું એ મનન, દિવસ અને રાત એના

વગર ચેન પડે નહીં ત્યાં એના વગર શાંતિ થાય નહીં. કેટલા કલાકો સુધી બસ! એનું ધ્યાન, એનું મનન બધું. ઈ નું ઈ ચાલતું હતું. એટલે એમાં કાંઈ ગુરુદેવના પ્રતાપે એ પ્રગટ થઈ ગયું. એ કાંઈ ગુરુદેવનો પ્રતાપ અને એવો કોઈ ઉપાદાન ને નિમિત્તનો એવો મેળ થઈ ગયો. કોઈ એવો પુરુષાર્થ પ્રગટ થતાં. એમાં પુરુષાર્થનું કારણ હોય છે. એમાં કાંઈ કોઈ જાતનું ઉંમર કે એ કાંઈ લાગુ પડતું નથી. એ અંતરમાંથી ભેદજ્ઞાનની ધારા અને પુરુષાર્થ ને એ બધું એવી રીતે પ્રગટ થયું છે. રાત્રે જાગતા, સૂતા બસ! એક જ વાત. એની જ લગની હતી. બીજી કાંઈ લગની નહોતી. થોડો ટાઈમ જાય તો એમ થાય કે આટલા વર્ષો વીતી ગયા તો હજી કેમ થાતું નથી? હજી કેમ થાતું નથી? કે હજી શું પરિભ્રમણનું શું આ દુઃખ નથી લાગ્યું? કે હજી શું નથી કરવું? અંતરમાં એકદમ અંતરમાંથી પોકાર આવતો હતો કે હજી કેમ તાલાવેલી નથી લાગી? હજી શું પરિભ્રમણની રુચિ છે? જન્મમરણની હજી રુચિ છે? વિભાવની રુચિ છે? કેમ ક્યાં અટકી રહ્યો છે? એમ અંતરમાંથી પોતાના આત્મામાંથી જ અંતરમાંથી એવી જાતનું આવતું હતું કે પુરુષાર્થ એને લઈને ઉપડી જતો હતો. ગુરુદેવનો પ્રતાપ ને ઉપાદાન બેઉ ભેગું થયું એટલે પ્રગટ થઈ ગયું. કામકાજ થાય, આ થાય, તોય એકની એક લગની હતી. આત્મા જુદો છે. ગમે તે કામ કરતા હોય તો એમ થાય આ શરીર, અંદર વિકલ્પ આવે છે એમાં આત્મા ક્યાં છે? આત્મા જુદો છે. આ બધામાં આત્મા જુદો કેવી રીતે છે? આત્મા જુદો કેવી રીતે છે? એમ જ વિચારો આવ્યા કરતા. ખાતા ખાતા એમ થાય કે આ જુદો છે. દરેક ક્ષણે એને એ વિચારો જ આવ્યા કરતા. વિચાર આવે, કપડા હાથમાં હોય તોય વિચાર આવે. દરેકમાં વિચાર આવે. આ જુદું, આ બધું જુદું છે ચૈતન્ય જુદો. ક્ષણે ક્ષણે એ ને એ રટણ રહ્યા કરે એના ઓલામાં ત્રણ ત્રણ કલાક એમને એમ બેસી રહેતી હતી. કેમ હજી પ્રાપ્ત થતું નથી? એના એના વિચાર ને એની એ એની એકાગ્રતા અને એનું ને એનું

ધ્યાન કે આ પ્રાપ્ત થયા વગર અંદરથી સુખ કે શાંતિ થવાની નથી.

✻ પ્રશ્ન : પૂર્વભવનું કારણ?

● ઉત્તર : પૂર્વભવ નહીં. કારણ તો પોતાની યોગ્યતા પૂર્વભવે સાંભળ્યું હોય એ. પણ વર્તમાન પોતાનો પુરુષાર્થ તો હોય. ગુરુદેવ આગળથી માર્ગ સાંભળ્યો ને વર્તમાન પુરુષાર્થ ને પૂર્વની યોગ્યતા હોય તો હોય ભેગું કારણ. જ્યારે જીવ કરે છે ત્યારે પહેલું જ હોય છે ને! જે દિ કરે તે દિ પહેલું હોય છે. ગયે કાળે તૈયારી થઈ હોય તો તે દિ પહેલું હતું, જ્યારે કરે ત્યારે પહેલું જ હોય છે.

✻ પ્રશ્ન : હિંમતભાઈ ! ગુરુદેવને બેને કીધું કે મને આત્મ–સાક્ષાત્કાર થયો છે ત્યારે દાસભાઈ પણ ભેગા હતા.

● ઉત્તર : ત્યારે આવ્યા હતા ને ત્યારે તેમણે કહ્યું કે મારે (ગુરુદેવના) દર્શન કરવા જવું છે. મેં કીધું. 'મારે ય આવવું છે દર્શન કરવા.' એટલે પછી હારે જ આવ્યા. (હું મળેલો બેનને) બેન કહે કે કે અમારે દાસભાઈ સાથે જાવું છે. એકલા બેન હતા એટલે ગુરુદેવ કહે 'એકલા? કોઈ ભાઈ હારે ઉભા છે?' એટલે દાસભાઈને કહે 'આમ આવો.' ત્યાં ઓસરીમાં ગુરુદેવ બેઠા'તા. ભાભી સાથે હતા.

✻ (ગુરુદેવે બેનશ્રીને શું પ્રશ્ન કર્યો હતા તે વિષે)

● સત્તાએ કેવળજ્ઞાન કે શક્તિએ કેવળજ્ઞાન? એ પ્રશ્ન કર્યો તો ગુરુદેવે. પહેલા એ સમ્યગ્દર્શનનું એકદમ કહ્યું નહોતું. દાસભાઈની હારે ગઈ ને એટલે દાસભાઈએ ગુરુદેવને કાંઈક કહ્યું. પછી ઉંબરામાં બેસી ગયા. એટલે ગુરુદેવે મને પૂછ્યું કે શ્વેતામ્બરો કહે છે કે સત્તાએ કેવળજ્ઞાન, દિગંબરો કહે છે કે શક્તિએ કેવળજ્ઞાન? એ પ્રશ્ન શ્વેતાંબર દિગંબરના મતે સત્તા શું? શક્તિ શું? એ માટે પ્રશ્ન કર્યો હતો. અર્થ કર્યો'તો. સત્તા શું કહેવાય? ને શક્તિ એ શું કહેવાય? 'સત્તા' એટલે કેવળજ્ઞાન છે પણ આવરણમાં દાબેલું પડ્યું છે. શક્તિ એટલે જ્ઞાનની શક્તિ હણાઈ ગઈ આમ. ઓછી થઈ

ગઈ છે. દાબેલું પડ્યું છે પણ સૂર્ય જેમ વાદળ આડું આવી જાય પણ અંદર આખો છે એમ કહે છે. અને શક્તિ એટલે 'શક્તિ' એમ ગુરુદેવે પોતે ને પોતે અર્થ કર્યો. અર્થ પછી કહે કે કર્મ કેવળજ્ઞાનને આવરે છે કે કર્મ નિમિત્ત? કેવળજ્ઞાનાવરણીય જ્ઞાનને આવરણ કર્યું હતું? ઈ તો મને આવડ્યું કે આ કેવળજ્ઞાનાવરણીય તો નિમિત્ત છે. અને કેવળજ્ઞાન પોતાની શક્તિ હતી. ઓલું તો સત્તા ને શક્તિ કાંઈ ખબર નહીં. શ્વેતાંબરો આમ કહે છે ને દિગંબરો આમ કહે છે. પોતે પોતે અર્થ કર્યો'તો. એનો અર્થ કર્યો તો એટલે પછી મને કહેવાની ભાવના જરા અંતરમાં વધારે થઈ. દાસભાઈ અંદર જઈને ગુરુદેવની સાથે હું તો ઉંબરામાં. ઓરડામાં બહાર ઊભી હતી. ગુરુદેવ અંદર હતા ઓરડામાં ને દાસભાઈ અંદર. સવારે તો પ્રશ્ન પૂછ્યા'તા.

**✱ પ્રશ્ન : પહેલી વખતે (સમકિતનું) કીધું નહીં આપે? સાંજેય દાસભાઈ આવ્યા હતા?**

● ઉત્તર : એ તો ઈ વખતે ....સાંજે ગઈ ફરીવાર તો સાંજેય દાસભાઈ હતા હારે. સાંજે ય દાસભાઈ હતા હારે. 'આ વજુભાઈના બેન છે. બહુ વિચાર કરે છે' એવું કાંઈક કીધું'તું દાસભાઈએ. જે કીધું હોય એ ખરું. એટલે ગુરુદેવે પ્રશ્ન કર્યો. એમને જે ઘોળાતું હોય ને એ પ્રશ્ન કરે. ગુરુદેવને એવું છે. આ કર્મ રોકતું નથી જીવને. જીવ રોકાય છે પોતાની મેળાએ પોતાના પુરુષાર્થને કારણે? એ ખબર હતી. કેવળજ્ઞાનાવરણીય રોકતું નથી એ ખબર નથી. પોતાની સ્વતંત્રતાની ખબર હતી. જીવ પોતાથી જ બધું કરી શકે છે. પહેલા એમ વિચાર તો હતો પણ ગુરુદેવે પહેલા કંઈ પૂછેલું નહીં એટલે જરા વિચાર આવતો હતો. દાસભાઈએ જરા કીધું ને એટલે પૂછવા માંડ્યા. કોઈ હતું નહીં. દાસભાઈ એકલા હતા. બપોરનો ટાઈમ હતો. બપોરે કુદરતે કોઈ હોય નહીં એટલે ગુરુદેવે પ્રશ્ન પૂછ્યો. મારે એવી ટેવ છે હું વિચાર કરીને એમ નક્કી કરીને કહું. એમ ને એમ ન કહું. સરખો વિચાર કરીને, નક્કી કરીને કહું. વિચાર આવ્યો

'કહું' પણ સરખો વિચાર કરીને કહું એમ હતું. પ્રશ્નોય કર્યા. આટલું બોલીને ગુરુદેવે. .........ગુરુદેવને કહીએ એટલે ગુરુદેવ માણસોને કહે એમ થાય કે લાભ થાય એ દૃષ્ટિથી દાસભાઈ કહેતા હતા ને એવું બધુ એ કહે.

✻ પ્રશ્ન : સમ્યક્દર્શનનું સ્વરૂપ (બતાવશો).

● ઉત્તર : વચનમાં તો કંઈ આવી શકે એવું નથી. એ તો કોઈ અપૂર્વ ચીજ છે. જે દૃષ્ટિમાં દેખાય એ જુદું છે અને આત્માનો સ્વાનુભવ એટલે આત્માના અંતરમાંથી આનંદ, જ્ઞાન આદિના અનંતગુણો જે આત્મામાં ભર્યા છે તે પોતે એમાં દૃષ્ટિ કરે, એનું જ્ઞાન કરે, એમાં લીનતા કરે તો પ્રગટ થાય. વિકલ્પ તૂટે, આકુળતા જે થઈ રહી છે વિકલ્પની એ આકુળતા તૂટીને, વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થાય, નિર્વિકલ્પ થાય, એ સ્વાનુભૂતિ એના વેદનમાં આવે છે. જગતથી જુદી જાત્યાંતર છે. જગતના કોઈ પદાર્થ સાથે એનો મેળ નથી. એ તો અનુપમ છે એને કોઈ ઉપમા લાગુ પડતી નથી.

✻ પ્રશ્ન : પૂજ્ય માતાજી, અહો! ધન્ય એ પવિત્ર દિવસ ધન્ય ભાગ્ય મુમુક્ષુના! એ આજથી પચાસ વર્ષ પહેલા આપે ભગવાન આત્મા પ્રત્યક્ષ અનુભવી સિદ્ધ ભગવાનના આનંદની પ્રતિતી કરી જેથી ઇંદ્રના વૈભવ આપને તુચ્છ ભાસવા લાગ્યા તો એ વખતના અનંત સ્વાનુભવના આનંદના અનુભવી થયા તેમાંના આપ તો એક જ મહાપુરુષ છો. આજના મંગળ દિવસે પચાસ વર્ષ પૂર્વની એ વાત સાંભળવા અમને પણ અંતરમાં હર્ષ ઉમટી રહ્યો છે. કૃપા કરીને આ પ્રસંગની થોડી વાતો વાનગીરૂપે અમને આપની મીઠી ભાષામાં કહો એ હું સર્વ મુમુક્ષુવતી હાર્દિક વિનંતી કરું છું.

● ઉત્તર : આત્માના સ્વાનુભૂતિની વાત છે. ગુરુદેવે સ્વાનુભૂતિનો માર્ગ બતાવ્યો છે. અનંતકાળથી કોઈ માર્ગને જાણવું મહા મુશ્કેલ હતું. ગુરુદેવ જેવા મહાન આ કાળમાં પાક્યા. સ્વાનુભૂતિ પ્રગટાવી. સ્વાનુભૂતિના પંથે ચાલવાથી મુક્તિનો માર્ગ

પ્રગટ થાય છે એ ગુરુદેવે બતાવ્યું છે અને તે જ કરવા જેવું છે. એનાથી જ ભવનો અભાવ થાય છે. એનાથી જ આત્મામાં સુખ થાય છે. એનાથી જ અપૂર્વ આનંદ થાય છે. આત્મામાં જ આનંદ ભર્યો છે. આનંદ કયાંય બહાર નથી. આનંદથી ભરેલો આત્મા છે. આત્માનો સ્વભાવ જ આનંદ સ્વરૂપ છે. આત્માનો સ્વભાવ જ જ્ઞાનસ્વરૂપ છે. આત્મા પોતે અનંત ગુણથી ભરપૂર છે. અનંત ધર્મોથી ભરપૂર એવો અનુપમ આત્મા છે. એ આત્માની જો અપૂર્વતા લાગે અને તે જ સર્વસ્વ છે એવું લાગે તો પરિણતિ તે બાજુ વળ્યા વગર રહેતી જ નથી. અનાદિ કાળથી પોતે બહારમાં ભટક્યા કરે છે અને બહારથી કંઈક સુખ મળે છે, બહારથી કંઈક મળે છે એવું માની માનીને બહાર ભટક્યા કરે છે. સુખ અને આનંદ તો આત્મામાં જ ભર્યો છે. જ્ઞાન પણ આત્મામાં છે, એવા અનંતગુણો આત્મામાં છે. જે ગુણોની પર્યાયો પ્રગટ થતા એ અનંતકાળ સુધી એમાં પરિણમ્યા કરે તોપણ અનંત અગાધ ભરેલો એવો સમુદ્ર, સમુદ્ર જેમ અગાધ છે એ એક દૃષ્ટાંત છે. સોનાની ખાણ હોય એ પણ જેમ ખૂટતી નથી એ પણ એક દૃષ્ટાંત છે. પણ આ તો એક સ્વતઃ સિદ્ધ સહજ વસ્તુ છે કે જે સહજ વસ્તુનો જે સ્વભાવ એ સ્વભાવ તો અનંત અનંતતાથી ભરેલો છે. અનંત ગુણો એનામાં છે. અનંત શક્તિઓ એનામાં છે. એક એક ગુણમાં અનંતી શક્તિ અનંતકાળ સુધી પરિણમ્યા કરે તો ખૂટતી જ નથી. એક એવા અનંતા અનંતા ગુણ આત્મામાં ભરેલા છે. એ પોતે જો એમાં ભેદજ્ઞાન કરે કે 'આ બધું જે પર છે એ હું નથી, વિભાવ છે, મારું સ્વરૂપ નથી. હું એનાથી અત્યંત જુદો શાશ્વત પદાર્થ, શાશ્વત દ્રવ્ય છું,' એ શાશ્વત દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે, એના તરફ જ્ઞાન કરે, એમાં લીનતા કરે તો પ્રગટ થયા વગર રહેતો જ નથી. મુક્તિનો માર્ગ તો એક જ છે. કરવાનું એક જ છે. બધું કરી કરીને બહારનું, જ્યાંસુધી પોતે અંતરને ઓળખી ન શકે. અંતરમાં લીનતા ન કરી શકે, અંતરમાં દૃષ્ટિ ન કરી શકે, ત્યાં સુધી એ બહારનો

પ્રયાસ એને કરવાનો રહે છે. પણ કરવાનું તો એક જ છે. ગુરુદેવે એમ જ બતાવ્યું છે કે એક શાશ્વત આત્માને ગ્રહણ કર, એના ઉપર જ દૃષ્ટિ કર, જ્ઞાયક તત્ત્વ એની અંતરમાં જ્ઞાયકતા પ્રગટ કરીને, જ્ઞાયકરૂપે પરિણમન કરીને, એની જ્ઞાનધારા પ્રગટ કરીને, એ જ્ઞાતાધારાની ઉગ્રતા કરવાથી, વિકલ્પ તૂટીને નિર્વિકલ્પતા પ્રગટ થાય છે પણ પહેલા એને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી. પછી વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે પણ પહેલા એની માટે એ જાતનો પ્રયાસ, એ જાતની પરિણતિ અને વિભાવમાં એને એક ક્ષણમાત્ર પણ શાંતિ નથી. શાંતિ તો એને એક આત્મામાં જ એને છે. એક આત્મામાં જ એને સર્વસ્વ લાગે છે તો જ એનો પ્રયાસ થાય. શાંતિ આત્મામાં લાગે. બાકી આત્મા તો અનુપમ છે. 'અનેકાન્તમયમૂર્તિ નિત્યમેવ પ્રકાશમાન' અનેક ધર્મોથી ભરેલો આત્મા છે. એને વાણીમાં અનેકાંતથી કહે બાકી અનેક અનંત ધર્મથી ભરેલો છે. કોઈ અપૂર્વ મહિમાવંત આત્મા છે. એ આત્માને ઓળખવા માટે જો ક્ષણે ક્ષણે પ્રયત્ન કરે અને જ્ઞાતાધારાની ઉગ્રતા કરે, જ્ઞાયકને ઓળખે તો એ પ્રગટ થયા વગર રહેતો જ નથી. જે જાતનો ગુણ છે એ જાતનો જ પ્રયત્ન કરે. જ્ઞાનમાંથી જ્ઞાન આવે છે. વિભાવના પ્રયત્ન કરે તો એમાંથી વિભાવ જ પ્રગટે છે. જ્ઞાનમાંથી જ જ્ઞાન પ્રગટે છે. સોનામાંથી સોનું અને લોઢામાંથી લોઢું જ પ્રગટે એમ સ્વભાવમાંથી જ સ્વભાવ પ્રગટે છે. વિભાવની પરિણતિમાંથી વિભાવ જ પ્રગટે છે માટે સ્વભાવ ઉપર દૃષ્ટિ કરે તો એમાંથી સ્વભાવ પ્રગટે છે અને એ સ્વભાવ તો અનાદિઅનંત શાશ્વત છે. એક અંશ પ્રગટ થાય તો પણ એને કાંઈ શાંતિ થતી નથી. એની દૃષ્ટિ તો પૂર્ણ દ્રવ્ય ઉપર, વીતરાગભાવ ઉપર પડી છે. એક અંશમાં પણ એને શાંતિ નથી. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય તોય એને વીતરાગતા કેમ પ્રગટ થાય? મુનિદશા કેમ આવે? ક્ષણે ક્ષણે આત્મામાં લીનતા થાય ને સ્વાનુભૂતિ થાય ને વારંવાર આત્મામાં તલ્લીન થવાની

ભાવના આવે અને વીતરાગ થવાની ભાવના વર્તે છે. એક અંશથી એને શાંતિ થતી નથી. શાંતિ અંશે થાય છે. એને તૃપ્તિ થાય છે. કારણ કે અનંતકાળથી જે વિભાવની એકત્વબુદ્ધિ, આકુળતા હતી તો એને કોઈ અપૂર્વ પરિણતિ પ્રગટ થઈ તો એને અપૂર્વ શાંતિ, અપૂર્વ આનંદ અને કોઈ અપૂર્વતા લોકથી જુદી, કોઈ અલૌકિક આત્માની પર્યાય પ્રગટ થાય છે પણ એની વીતરાગતા ઉપર દૃષ્ટિ રહે છે. એ જાતની ભાવના રહે છે. માટે કરવાનું એક-જ્ઞાયક તત્ત્વ તરફ રુચિ કરવી એ જ કરવાનું છે. એ ગુરુદેવે એ એક જ બતાવેલું છે. એજ કરવાનું છે. બાકી બીજું બધું નિસાર છે. સારભૂત હોય તો આ એક આત્મા જ છે. દરેક ભેદની અંદર એક જીવ તત્ત્વ છે. દરેક ભાવની અંદર એક પારિણામિક ભાવ છે ને દરેક જ્ઞાનની અંદર એક જ્ઞાયકભાવ છે. એને જ ગ્રહણ કરવા જેવો છે અને એ જ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી અને એનું જ્ઞાન કરવું અને એમાં લીનતા કરવી એ જ કરવા જેવું છે. તો એમાંથી સ્વાનુભૂતિ પ્રગટ થાય.

*** પ્રશ્ન : પૂજ્ય માતાજી! જૈન ધર્મ હી સત્ય હૈ. આપને કિસ પ્રકારસે સ્વીકાર કિયા ?**

● ઉત્તર : 'જૈન ધર્મ હી સત્ય હૈ' કારણ કે જૈનધર્મ હી યથાર્થ સ્વરૂપ હૈ. અનેકાંત સ્વરૂપ આત્મા કોઈ અપેક્ષાએ નિત્ય, કોઈ અપેક્ષાએ અનિત્ય, કોઈ અપેક્ષાએ એક, કોઈ અપેક્ષાએ અનેક, યે જૈનધર્મકા સ્વરૂપ હૈ એટલે એ જૈન ધર્મ કોઈ વાડા નહીં હૈ. યથાર્થ મુક્તિકા માર્ગ હૈ. યે યથાર્થ મુક્તિકા માર્ગ બતાતા હૈ. બીજા અન્ય અન્યમતોમેં કોઈ માત્ર ક્ષણિકમાં પડ્યો હોય, કોઈ ક્રિયામેં ધર્મ માનતે હૈ, કોઈ એકાંત નિત્ય, કોઈ કૂટસ્થ માનતા હૈ. કોઈ ઐસા માનતા હૈ. ઐસા વસ્તુકા સ્વરૂપ નહીં હૈ. વસ્તુકા સ્વરૂપ ભીતરમેં વિચારો તો કોઈ અપેક્ષાએ આત્મા સ્વભાવ દ્રવ્ય અપેક્ષાએ નિત્ય હૈ. પર્યાય અપેક્ષાએ અનિત્ય હૈ. ગુણ ઈસમેં અનેક હૈ. ગુણ કાંઈ ખંડ ખંડ નહીં હૈ. એક વસ્તુમેં અનંત ગુણ હૈ. ઐસા જો ભગવાને કહા

હૈ વીતરાગમાર્ગમેં વૈસા અન્યમેં નહીં હૈ. યે માર્ગ સત્ય હૈ. આત્મામેં અશુદ્ધતા હૈ તો પર્યાયમેં હૈ, પર્યાયમેં અશુદ્ધતા હૈ, દ્રવ્ય તો શુદ્ધ હૈ. તો કોઈ કહેતા હૈ કિ એકાંત શુદ્ધ હૈ તો એકાંત અશુદ્ધતા નહીં. પર્યાયમેં અશુદ્ધ હૈ, દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ હૈ. ઐસા જો જૈનદર્શનમેં વસ્તુકા સ્વરૂપ ભગવાનને બતાયા હૈ ઐસા કિધર ભી નહીં હૈ. ઐસા રહસ્ય ગુરુદેવને પ્રગટ કિયા હૈ કિ વસ્તુકા સ્વરૂપ ઐસા હી હૈ. ઔર આત્મામેં સ્વાનુભૂતિ પ્રગટ કરકે આત્માકા અસ્તિત્વકો ગ્રહણ કરો. આત્માકા જ્ઞાન કરો, ઐસે આત્મામેંસે સ્વાનુભૂતિ હોતી હૈ ઐસા જૈનધર્મ હૈ ઐસા કહાં ભી નહીં હૈ યથાર્થ હી ધર્મ હૈ. અનેકાંત સ્વરૂપ વો હી હૈ. દ્રવ્ય અપેક્ષાએ નિત્ય, પર્યાય અપેક્ષાએ અનિત્ય એ જૈનદર્શનમેં હૈ ઐસા કોઈ નહીં કહેતા. કોઈ એક એક વસ્તુકો કહેતા હૈ. કોઈ સર્વથા ક્ષણિક, કોઈ સર્વથા નિત્ય, કોઈ સર્વથા અનેક, કોઈ કહેતા હૈ પરકો જાનતા, અપનેકો નહીં જાનતા હૈ, કોઈ કહેતા હૈ અપનેકો જાનતા પરકો નહીં જાનતા ઐસા અનેક મતમતાંતર હૈ. જો વસ્તુસ્વરૂપ હૈ ઐસા ભગવાનને કહા હૈ. ઐસા શાસ્ત્રમેં આતા હૈ. ગુરુદેવને ઐસા માર્ગ પ્રગટ કિયા હૈ. એ અપૂર્વ સ્વરૂપ હૈ. આત્મા કોઈ અચિંત્ય સ્વરૂપ અનેકાંતમયમૂર્તિ હૈ. અનેકાંતમય હૈ આત્મા. ચારે પડખેથી– સબ પડખેથી દેખો તો એ અનેકાંતસ્વરૂપ હૈ. જો અપેક્ષાએ નિત્ય હૈ વોહી અપેક્ષાએ અનિત્ય નહીં હૈ. અનિત્ય કી અપેક્ષા ભિન્ન ઔર નિત્યકી અપેક્ષા જુદી. દ્રવ્ય અપેક્ષાએ નિત્ય, પર્યાય અપેક્ષાએ અનિત્ય. ઐસા કોઈ કહતા હૈ વ્યવહાર ભી હૈ ને નિશ્ચય ભી હૈ. વ્યવહારકી અપેક્ષા જુદી ઔર નિશ્ચયકી અપેક્ષા જુદી. નિશ્ચય વસ્તુસ્વરૂપ હૈ ઔર વ્યવહાર પર્યાય અપેક્ષાએ હૈ. દોનોં અપેક્ષા ભિન્ન ભિન્ન હૈ. જૈસા હૈ ઐસા સમજના ચાહિયે તો મુક્તિકા માર્ગ પ્રગટ હોતા હૈ. એકાંત શુદ્ધ માને તો કુછ કરનેકા રહેતા નહીં હૈ. અશુદ્ધ માને તો ભી કુછ હૈ. અશુદ્ધ તો શુદ્ધ કૈસે હૈ? જો શુદ્ધ હૈ દ્રવ્ય અપેક્ષા તો ભી અશુદ્ધ પર્યાયમેં નહીં હૈ તો પુરુષાર્થ

કિસકા કરના? જિસ અપેક્ષાસે પર્યાયમેં અશુદ્ધતા હૈ ને દ્રવ્યમેં શુદ્ધતા હો તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરકે પર્યાયમેં અશુદ્ધતા હૈ વો તૂટતા હૈ ઔર શ્રદ્ધા જ્ઞાન, કરકે જો સ્વભાવમેંસે પ્રગટ હોતા હૈ વો વિભાવમેંસે નહીં આતા હૈ. સ્વભાવકી દૃષ્ટિ કરનેસે પર્યાયમેં શુદ્ધતા પ્રગટ હોતી હૈ. ઐસે મુક્તિકા માર્ગ પ્રગટ હોતા હૈ. કોઈ અનેકાંત સમજ્યા વિના મુક્તિકા માર્ગ પ્રગટ નહીં હોતા. આત્મામેં સુખ નહીં હોતા હૈ.

*** પ્રશ્ન : આપકો પૂછા થા કિ 'જૈનદર્શન સત્ય હૈ તો આપને કહા થા કિ આપકો બેસે ન બેસે મને તો અંદરથી નક્કી થાય છે કે જૈનદર્શન સત્ય છે.**

● ઉત્તર : મેં તો અંદરથી સમ્યગ્દર્શન પછીની વાત કરી હતી. ત્યાર પહેલા તો મેં વિચાર અને મંથન કરીને નક્કી કર્યું હતું. પ્રશ્ન અને ચર્ચા ચાલી એમાંથી નક્કી કર્યું હતું કે આ જ સ્વભાવ હોઈ શકે. જ્ઞાયકને જાણવાનો સ્વભાવ આ જ હોય. આ વિભાવ જે છે એ તો આકુળતા રૂપ છે. એ તો દુઃખરૂપ છે. જે દુઃખરૂપ હોય એ પોતાનો સ્વભાવ ન હોય. એમાં અનેક પ્રકારે વિચાર કરીને નક્કી કરેલું હોય અને ત્યારપછી તો જે અંતરમાં ધારા પ્રગટ થઈ, જે અનુભૂતિ થઈ એ અલગ. ગુરુદેવ આગળથી માર્ગ મળેલો હતો. એના ઉપરથી વિચાર કરી એ જાતના પ્રયત્ન કરી તે પછી જે એ જાતની અનુભૂતિ થઈ ત્યારે એ નક્કી થયું. ત્યારપછી એટલે એમ ટૂંકામાં લખ્યું. બધું ગુરુદેવના પ્રતાપે દૃષ્ટિ થઈ અને એ જ પ્રયત્ન થયો.

બોલો સદ્ગુરુદેવનો જય હો.

ભગવતી માતનો જય હો.

**મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;**
**અમ આત્મ ઉજાળનહાર, ધર્મ પ્રકાશ કરી.**